# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-01-2025** **Evening: 7.50 TO 8.00**

**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

****************************************************

1) છત્તીસગઢમાં 36 કલાક ચાલેલા એન્કાઉન્ટરમાં 18 નકસલવાદીઓ ઠાર કરાયાં

2) છત્તીસગઢમાં નકસલવાદીઓને ઠાર કરવાની ઘટનાને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સૌથી મોટી સફળતા ગણાવી

3) દેશનું અવકાશ અર્થતંત્ર એક દશકમાં આઠ અબજ ડોલરથી વધીને ૪૪ અબજ ડોલર સુધી પહોંચે તેવી કેન્દ્રીય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે આશા વ્યક્ત કરી

4) પશ્ચિમ બંગાળ સરકારે કોલકાતા હાઇકોર્ટમાં આરજી કર દુષ્કર્મ અને હત્યા કેસમાં દોષિત સંજય રોયને મૃત્યુદંડની સજાની માંગ કરી

5) વિશ્વ આરોગ્ય સંસ્થામાંથી ખસી જવાના અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પના નિર્ણયને ડબલ્યુ એચઓના વડાએ દુઃખદ ગણાવ્યો

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# CHATTISGADH ENCOUNTER

છત્તીસગઢ-ઓડિશા સરહદ પર સંયુક્ત આંતરરાજ્ય કાર્યવાહીમાં 18 માઓવાદીઓ માર્યા ગયા છે. આ એન્કાઉન્ટરમાં નક્સલીઓના કેન્દ્રીય સમિતિના સભ્ય જયરામ ઉર્ફે ચલપતિ પણ માર્યા ગયા છે. તેના પર 1 કરોડ રૂપિયાનું ઇનામ જાહેર કરવામાં આવ્યું છે.

છત્તીસગઢના નક્સલ ઓપરેશન્સના અધિક મહાનિર્દેશક વિવેકાનંદ સિંહાએ જણાવ્યું હતું કે આ કાર્યવાહી છત્તીસગઢના ગારિયાબંધ જિલ્લા અને ઓડિશાના નુઆપાડા જિલ્લાના સરહદી વિસ્તારોમાં હાથ ધરવામાં આવી હતી. સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચે 36 કલાકથી વધુ સમય સુધી સમયાંતરે ગોળીબાર થયો હતો.

આ વિસ્તારમાં સુરક્ષા દળો દ્વારા મોટા પાયે સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે

# AMIT SHAH ON NAKSLI ENCOUNTER

છત્તીસગઢમાં સુરક્ષા દળોએ નકસલવાદીઓને ઠાર કર્યા હતા. આ અંગે બોલતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સલામતી દળોને મળેલી આ સફળતાને નક્સલવાદને વધુ એક મોટા ફટકા સમાન ગણાવી છે.

ગૃહમંત્રીએ એક્સ પોસ્ટમાં કહ્યું કે “નક્સલવાદને બીજો મોટો ફટકો. આપણા સુરક્ષા દળોએ ભારતને નક્સલમુક્ત બનાવવાની દિશામાં મોટી સફળતા મેળવી છે. ઓડિશા-છત્તીસગઢ સરહદ પર સીઆરપીએફ, એસઓજી ઓડિશા અને છત્તીસગઢ પોલીસે સંયુક્ત કાર્યવાહીમાં નક્સલીઓને ઠાર માર્યા. નક્સલ મુક્ત ભારત માટેના આપણા સંકલ્પ અને સુરક્ષા દળોના સંયુક્ત પ્રયાસોને કારણે, આજે નક્સલવાદ તેના અંતિમ શ્વાસ લઈ રહ્યો છે.

છત્તીસગઢ-ઓડિશા સરહદ પર છત્તીસગઢના ગરિયાબંધ જિલ્લાના ભાલુ ડીગ્ગી જંગલમાં સુરક્ષા દળો અને નક્સલીઓ વચ્ચે થયેલી અથડામણમાં 18 નક્સલીઓ માર્યા ગયા છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. તેમાં એક કરોડ રૂપિયાનું ઈનામ ધરાવતો નક્સલી જયરામ ઉર્ફે ચલપતિ પણ માર્યો ગયો

# J&K-ANTI-TERRORIST OPERATION

કાશ્મીરના બારામુલ્લા જિલ્લાના ઝાલુરા સોપોર જંગલ વિસ્તારમાં ઓપરેશન ગુજ્જરપતિ આજે ત્રીજા દિવસે પૂર્ણ થયું હતું . આતંકવાદીઓની હાજરી અંગે ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે, રવિવારે સેના અને જમ્મુ અને કાશ્મીર પોલીસે આ વિસ્તારમાં સંયુક્ત સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. શ્રીનગરમાં મીડિયા સાથે વાત કરતા, પોલીસ મહાનિરીક્ષક વી કે બિરદીએ જણાવ્યું હતું કે ગોળીબાર શરૂ થયો હતો તે સ્થળને શોધામાં સફળતા મળી થે. તેમણે જણાવ્યું હતું કે ગઈકાલે આ વિસ્તારમાં ગોળીબાર દરમિયાન ગંભીર રીતે ઘાયલ થયેલા એક સૈનિકે શહીદ થયો હતો.

# J&K-RAJOURI DEATHS

જમ્મુ-કાશ્મીરમાં, મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ આજે રાજૌરી જિલ્લાના બધાલ ગામની મુલાકાત લીધી હતી, જ્યાં રહસ્યમય સંજોગોમાં 17 લોકોના મૃત્યુ થયા હતા. તેમની મુલાકાત દરમિયાન, મુખ્યમંત્રી પીડિતોના શોકગ્રસ્ત પરિવારોને મળ્યા અને સંવેદના વ્યક્ત કરી હતી. સૌને આઘાતમાં મૂકી દેનારા મૃત્યુની હજુ પણ અધિકારીઓ દ્વારા તપાસ ચાલી રહી છે. ઓમર અબ્દુલ્લાએ પીડિત પરિવારોને ખાતરી આપી હતી કે સરકાર દુ:ખદ મૃત્યુના કારણને ઉજાગર કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે, જેમાં અનેક એજન્સીઓ તપાસમાં સક્રિય રીતે સામેલ છે. વહીવટીતંત્રે અગાઉ મૃત્યુની તપાસ માટે વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને તબીબી નિષ્ણાતોની બનેલી એક વિશેષ તપાસ ટીમ (SIT) ની રચના કરી હતી. ગૃહ મંત્રાલય દ્વારા રચાયેલી એક આંતર-મંત્રી ટીમ તમામ સંભવિત કારણોની તપાસ કરવા માટે સ્થાનિક અધિકારીઓ સાથે નજીકથી કામ કરી રહી છે. તપાસ માટે નવા નમૂના એકત્રિત કર્યા પછી, અધિકારીઓએ ગામમાં એક ઘરને ફરીથી સીલ કરી દીધું છે. ઉચ્ચ-સ્તરીય આંતર-મંત્રીમંડળની ટીમ દ્વારા વ્યાપક તપાસ બાદ ઘરને ફરીથી સીલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

# JITENDRA SPACE ECONOMY

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે કહ્યું છે કે દેશનું અવકાશ અર્થતંત્ર આઠ અબજ ડોલર સુધી પહોંચી ગયું છે અને આગામી દાયકામાં તે ૪૪ અબજ ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે. એક ટીવી ચેનલ સાથેની મુલાકાતમાં ડૉ. સિંહે કહ્યું કે સ્વદેશી ગગનયાન મિશન, ૨૦૨૭માં આગામી ચંદ્રયાન-૪ મિશન, ૨૦૨૮માં શુક્રયાન મિશન અને ૨૦30માં ભારતીય અવકાશ મથક જેવા સીમાચિહ્નો દેશની મજબૂત પ્રગતિ દર્શાવે છે.

મંત્રીએ નવીનતાને પ્રોત્સાહન આપવા માટે સ્ટાર્ટઅપ્સ અને વિદેશી સીધા રોકાણની પણ પ્રશંસા કરી હતી. તેમણે ઉમેર્યું કે SPADEX જેવા મિશન ટેકનોલોજી ક્ષેત્રે પ્રગતિમાં છલાંગ લગાવી રહ્યા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છોઆ સમાચાર . આપ અમારીYoutube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશોવધુ . સમાચાર માટેઅમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# BIHAR-OM BIRLA

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ વિધાનસભા સંસ્થાઓને વધુ સારી અને ગુણાત્મક ચર્ચાનું સ્થળ બનાવવા પર ભાર મૂક્યો છે. આજે પટનામાં 85મી ઓલ ઈન્ડિયા પ્રિસાઇડિંગ ઓફિસર્સ કોન્ફરન્સના સમાપન સત્રને સંબોધતા શ્રી બિરલાએ કહ્યું કે, તમામ પ્રતિનિધિઓએ સંવાદ અને ચર્ચાને પ્રોત્સાહન આપવાનો અભિગમ અપનાવ્યો છે. તેમણે વધુમાં કહ્યું કે, બે દિવસીય પરિષદ ખૂબ જ ફળદાયી રહી કારણ કે દરેક સહભાગીઓ વિધાનસભા સંસ્થાઓની કામગીરી અને જવાબદારી વધારવા પર સંમત થયા હતા. પ્રિસાઇડિંગ ઓફિસર લોકોને વધુ સારી રીતે સેવા આપવા અને તેમની અપેક્ષાઓ પર ખરા ઉતરવા માટે નવી ટેકનોલોજી અને કૌશલ્ય અપનાવવા સંમત થયા છે. બિહારના રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાને પણ પ્રતિનિધિઓને સંબોધન કર્યું. શ્રી ખાને કહ્યું કે, બદલાતા રાજકીય પરિદ્રશ્યમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ તરીકે બધાના ખભા પર વધુ જવાબદારી છે.

# WEST BENGAL GOVT

પશ્ચિમ બંગાળ સરકારે આજે કોલકાતા હાઇકોર્ટમાં આરજી કર દુષ્કર્મ અને હત્યા કેસમાં દોષિત સંજય રોયને મૃત્યુદંડની સજાની માંગ કરી છે. કોલકાતાના સિયાલદાહની સેશન્સ કોર્ટે ગઈકાલે આ કેસમાં સંજય રોયને આજીવન કેદની સજા ફટકારી હતી. કોર્ટે રાજ્ય સરકારને પીડિતાના પરિવારને 17 લાખ રૂપિયા આપવાનો પણ નિર્દેશ આપ્યો હતો.

# EVE. TRUMP - EXECUTIVE ORDERS

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઇટ હાઉસ પરત ફર્યાના કલાકો પછી, જો બાઈડેનની 78 નીતિઓ રદ કરીને શ્રેણીબદ્ધ કાર્યકારી પગલાં પર હસ્તાક્ષર કર્યા છે. એજન્સીઓને આદેશ લાગુ કરવા માટે 30 દિવસનો સમય આપવામાં આવ્યો છે. ટ્રમ્પે પેરિસ ક્લાયમેટ એગ્રીમેન્ટમાંથી ખસી જવાની પ્રક્રિયા શરૂ કરવાના આદેશ પર પણ હસ્તાક્ષર કર્યા. રાષ્ટ્રપતિ ટ્રમ્પે યુ.એસ.માં જન્મેલા બાળકોની નાગરિકતાનો પણ સત્તાવાર રીતે અંત લાવી દીધો છે જે બિન-નાગરિક માતાપિતાને મળે છે. ડોનાલ્ડ ટ્રમ્પે ફેડરલ એજન્સીઓને ચીન, મેક્સિકો અને કેનેડા સાથેના ટેરિફ અને વેપાર સંબંધોની સમીક્ષા કરવાનો નિર્દેશ આપ્યો, 1 ફેબ્રુઆરી સુધીમાં મેક્સિકો અને કેનેડા પર 25 ટકા સુધીના ટેરિફ લાદવાનો સંકેત આપ્યો. એક વિવાદાસ્પદ પગલામાં, ટ્રમ્પે મેક્સિકોના અખાતનું નામ બદલીને અમેરિકાનો અખાત રાખવાના આદેશ પર હસ્તાક્ષર કર્યા. તેમણે યુનાઇટેડ સ્ટેટ્સમાં ફક્ત બે જાતિઓ - પુરુષ અને સ્ત્રી - ને માન્યતા આપતી નીતિ પણ રજૂ કરી. વધુમાં, ટ્રમ્પે ઇલેક્ટ્રિક વાહનો પર બાઈડેન વહીવટની ગ્રીન પોલિસીનો અંત લાવ્યો.

# WHO-USA

અમેરિકાના ટ્રમ્પ વહીવટીતંત્રના વિશ્વ આરોગ્ય સંગઠનમાંથી ખસી જવાના આદેશ અંગે WHO ના વડા ડૉ. ટેડ્રોસ અધાનમ ઘેબ્રેયસસે પ્રતિક્રિયા આપી હતી. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે અમેરિકાના સંસ્થામાંથી ખસી જવાના નિર્ણય પર ખૂબ જ દુઃખ વ્યક્ત કરે છે. ડૉ. ટેડ્રોસે સ્થાપક સભ્ય અને WHO ના મિશનમાં મુખ્ય યોગદાન આપનાર તરીકે અમેરિકાની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે વર્તમાન સહભાગીતાને જાળવી રાખવા માટે રચનાત્મક સંવાદ માટે હાકલ કરી છે, અમેરિકાના આ નિર્ણય અંગે પ્રતિક્રિયામાં વિશ્વ આરોગ્ય સંસ્થાના વડાએ કહ્યું હતું કે વૈશ્વિક સ્તરે આ સંસ્થા લાખો લોકોને ફાયદો કરે છે. અમેરિકાને WHO નું સૌથી મોટું દાતા ગણાવીને તેમણે ઉમેર્યું હતું કે અમેરિકાએ 2023 ના બજેટમાં 18 ટકા યોગદાન આપ્યું છે અને તેના ખસી જવાથી ભવિષ્યના વૈશ્વિક આરોગ્ય ભંડોળ અંગે તેમણે ચિંતા વ્યક્ત કરી હતી

# PM AMITABH KANT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે G-20 શેરપા અમિતાભ કાન્તના દેશના G-20 પ્રમુખપદ પરના પુસ્તક "હાઉ ઇન્ડિયા સ્કેલ્ડ માઉન્ટ. G-20" માટે પ્રશંસા કરી હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ લખ્યું કે આ પુસ્તક એક સારા ગ્રહની શોધમાં માનવ-કેન્દ્રિત વિકાસને આગળ વધારવાના પ્રયાસો પર એક સ્પષ્ટ દ્રષ્ટિકોણ આપે છે. અગાઉ, શ્રી કાંતે પ્રધાનમંત્રીને તેમનું પુસ્તક ભેટ સ્વરૂપે આપી હતી.